**`અમદાવાદનાં મહે. એડી. ચીફ મેટ્રો. મેજી. સાહેબની ને.ઇ. એક્ટની કોર્ટ નં. ૨૮ અમદાવાદ**

**ફોજદારી પ.અ.નં. 264/23**

**આંક ૧ તળેનો હુકમ**

આ કામે ફરિયાદ, સોગંદનામુ તથા દસ્તાવેજી પુરાવાનાં લીસ્ટને ધ્યાને લીધુ તેમજ નામ. સુપ્રીમ કોર્ટનાં Suo Moto Writ (Civil) No. 3 of 2020 ના હુકમમાં સ્ટેચ્યુટરી લિમિટેશન અંગે આપવામાં આવેલ ગાઇડલાઇન્સને લગતાં હુકમો વંચાણે લીધા. હાલનાં કેસમાં નેગો. ઇન્સ્ટુ. એક્ટની કલમ ૧૩૮ અન્વયે ઇન્સાફી કાર્યવાહી કરવા વ્યાજબી અને પુરતા કારણો જણાઇ આવતાં હોઇ, જેથી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળનાં ગુના સબબ આરોપી સામે **તા.૧૫/૦૬/૨૦૨૩** મુદતનાં રોજ હાજર રહેવા સમન્સ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી હાજર થયેથી ટ્રાયલ દરમિયાન નિયમિત હાજરી માટે રૂપિયા પાંચ હજારનાં સદ્ધર તથા તેટલી જ રકમનાં જાતમુચરકા રજુ કરવાના રહેશે.

ફરિયાદ સાથે સામેલ રાખેલ હોય તે તથા ફરિયાદપક્ષ જેના ઉપર આધાર રાખતાં હોય અને રજુ કરેલ હોય તે તમામ દસ્તાવેજોની નકલનો સેટ અત્રેની કોર્ટ ફાઇલમાં આરોપીની નકલ તરીકે મુકવા હુકમ કરવામાં આવે છે.

ફરિયાદ ક્રિમિનલ કેસ રજિસ્ટરે રજિસ્ટર્ડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કરેલ છે.

તારીખ:૦૩/૦૪/૨૩

(એસ. આર. મુલતાની)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,
ને.ઇ.એ. કોર્ટ નં. ૨૮,અમદાવાદ